

ગાંધીનગર ડિવિઝનમાં આવતા સાત પોલીસમથકની હદમાં છેલ્લા ત્રણ વર્ષમાં દારૂના કુલ ૧૬૪ ગુનાઓ નોંધાયા હતા.જેમાં પોલીસે કુલ રૂ. ૬૬,૪૨,૮૦૨ રકમનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. આ દારૂના જથ્થાનો કોબા સર્કલ પાસે કેનાલ નીચે બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. (તસવીર : દીલીપ પ્રજાપતિ)

વીજલાઈનમાંથી તણખા ઝરતા ૧૦૦ મણ ઘઉંનો ઉભો મોલ બળીને ખાખ

જાખોરાના મોહનભાઈ મકવાણાના ખેતરમાંથી પસાર થતી વીજલાઈનમાંથી તણખા ઝર્યા વીજકંપનીની બેદરકારીખથી ખેડૂતની સ્થિતિ કફોડી : આર્થિક નુકશાનનું વળતર મળશે ?

ગાંધીનગર, તા. ૨૫

રવિ સીઝનના પાકમાં આ વર્ષે કુદરતના તેવર વારંવાર બદલાવાના કારણે ખેડૂતોની માઠી દશા ચાલી રહી છે. છેલ્લા એક સપ્તાહથી વાતાવરણ સ્થિત થતાં ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. પરંતુ ગાંધીનગર તાલુકાના જાખોરા ગામના એક કિસાનને પડતાં પર પાટુ જેવો અનુભવ થયો છે. આકાશી વીજળીમાંથી બચેલા તેના ખેતર પર વિદ્યુત કંપનીની વીજળીએ કાળો કેર વર્તાવ્યો છે અને થોડીક વારમાં જ તેના ખેતરમાં તૈયાર ૧૦૦ મણના ઘઉંનો મોલ બળીને રાખ થઈ જવા પામ્યો છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

જાખોરા ગામના મોહનભાઈ મકવાણાના માથે આભ તુટી પડ્યું છે. તેમના ખેતરમાંથી પસાર થતી વીજલાઈનના થાંભલા પરથી તણખા ઝરતાં ૨ વીઘાના તેમના ખેતરમાં તૈયાર થયેલ ૧૦૦ મણ ઘઉંનો પાક ઉભો ને ઉભો બળી જવા પામ્યો છે. વીજ કંપનીની બેદરકારીને કારણે ગરીબ કિસાનની અથાગ મહેનત થોડીક ક્ષણોમાં જ રાખ થઈ જતા મોહનભાઈની હાલત કફોડી થઈ જવા પામી છે. વારંવાર કમોસમી વરસાદ, બરફના કરાં, ક્યારેક ગરમી, ક્યારેક ઠંડી જેવા બદલાતા મોસમથી માંડ બચીને તૈયાર થયેલો મોલ નજર સામે ભડભડ સળગી જતાં મોહનભાઈને ભારે આર્થિક નુકશાન થવા પામ્યું છે. વીજકંપનીની આ બેદરકારીમાં નિર્દોષ કિસાનની પરિસ્થિતિ ખૂબ જ દયાજનક બની ગઈ છે. ત્યારે સવાલ એ થાય છે કે શું વીજકંપની મોહનભાઈને થયેલા નુકશાનનું પુરૂ વળતર આપશે ? અને જો આપશે તો તે મેળવવા મોહનભાઈએ વીજકંપનીના કેટલા ધક્કા ખાવા પડશે ? તે માટે કેટલો સમય લાગશે ? વળતર મેળવવામાં સમય આપશે તો નવી સીઝનના પાકનું વાવેતર વગેરે ક્યારે કરશે ? આવા તો અનેક યક્ષ પ્રશ્નોનો સામનો મોહનભાઈ અને તેમના પરિવારે આગામી દિવસોમાં કરવો પડશે.

લાપતા થયેલા યુવાનને પોલીસે રાજસ્થાનથી શોધી માતાને સોંપ્યો

મગોડીમાં રહેતી વિધવા માતાનો એકનો એક માનસિક બિમાર દિકરો ગુમ થઈ જતાં તેણીએ ત્રણ દિવસથી અન્ન ત્યાગ કર્યો હતો : ચિલોડા પોલીસે રાત-દિવસ એક કરીને યુવાનની ભાળ મેળવી હતી

ગાંધીનગર, તા. ૨૫

અરજી કે ફરીયાદ કરવા માટે પોલીસ મથક પહોંચતા અરજદારોને કયાંક હડધૂત કરીને કે બીજા પોલીસ સ્ટેશનની હદ તથા અન્ય બહાના નિકાળીને પોલીસ તગેડી મુકતા હોય છે જેના લીધે પોલીસની છાપ પ્રજાના માનસ પર ખુબ વિપરીત પડી રહે છે તો કયાંક પોલીસ એવા કામ પણ કરે છે જેનાથી પોલીસ પ્રત્યે પ્રજાને માન વધે અને અરજદાર કાયમ માટે તેનો ઋણી બની ગયો હોય તેવી સ્થિતિ ઉદભવી જાય! આવી જ એક પ્રશંસનીય કામગીરી જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા કરવામાં આવી છે. પતિના મૃત્યુ બાદ વિધવા બની ગયેલી મહિલાનો એકનો એક માનસિક અસ્થિરતાથી પિડાતો ૧૮ વર્ષીય દિકરો ગુમ થઈ ગયો હતો. જેના કારણે તેણીએ ત્રણ દિવસથી પેટમાં અન્નનો દાણો નહોતો નાંખ્યો. પોલીસે લાપતા બનેલા દિકરાને શોધવા રાત-દિવસ એક કરીને અંતે રાજસ્થાનથી તેને શોધીને લઈ આવ્યા બાદ માતાને સુપ્રત કર્યો છે. મળી આવેલા દિકરાને જોઈને માતાના આંખમાંથી હરખના આંસુ સરી પડયા હતાં.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક સ્થિત મગોડી ગામે રહેતા કેશરબેનના પતિના મૃત્યુ બાદ વિધવા જીવન ગાળે છે. તેમના ત્રણ સંતાનોમાં એક ૧૮ વર્ષનો દિકરો જનકસિંહ મનુજી બિહોલા અને અન્ય બે દિકરીઓ છે. એકનો એક દિકરો માનસિક બિમારીથી પિડાય છે. ૧૮ માર્ચે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં કોઈને કાંઈ કહ્યા વિના દિકરો જનકસિંહ કયાંક ચાલ્યો ગયો! હમણા દિકરો આવશે.... હમણા આવશે... રાહ જોતા જોતા બીજા દિવસની સવાર પડી પરંતુ દિકરો ઘરે ન આવ્યો આમ તેમ ગામમાં, પડોશી-મિત્રો, સગા-વ્હાલા દરેકના ઘરે માતા જઈ આવી પરંતુ દિકરો ન મળ્યો... ચિલોડા પોલિસ સ્ટેશનના પી.આઈ. એન.સી. ભરવાડને કેશરબેને દિકરાના ગુમ થયા અંગે જાણ કરીને ધ્રુસકે ને ધ્રુસકે રડતાં રડતાં જાણવાજોગ નોંધાવી. સંવેદનશીલતા દાખવીને ચિલોડા પોલીસની ટીમ તેણીના દિકરાની શોધખોળમાં લાગી ગઈ. ત્રણ દિવસ સુધી તો માતાએ પેટમાં અન્ન ન નાંખ્યું! પોલીસે આખરે રાજસ્થાનથી લાપતા દિકરાને શોધી કાઢયો અને માતાને સોંપી પણ દીધો છે. પોલીસની આ કામગીરી બિરદાવવા લાયક છે તે વાતમાં કોઈ બે મત નથી..!

ચિલોડા સર્કલેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી સેન્ટ્રો ઝડપાઈ

પોલીસથી બચવા આડશ તોડીને ભાગેલા બુટલેગરની ગાડી ટ્રક પાછળ ઘુસી ગઈ : રૂ. ૧.૭૮ લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૫

રાજસ્થાન તરફથી અમદાવાદ જઈ રહેલી એક સેન્ટ્રો કારમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે વોચ ગોઠવીને સેન્ટ્રો કાર ઝડપી પાડી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા પી.આઈ. એન.સી. ભરવાડને બાતમી મળી હતી કે એક સેન્ટ્રો કાર નં. આર.જે. ૧૨ સી.એ. ૧૭૮૯ ચિલોડા સર્કલ થઈને અમદાવાદ તરફ જવાની છે. જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. આડશ મુકીને કાર રોકવાનો પ્રયત્ન પોલીસે કર્યો પરંતુ બુટલેગરો કાર દોડાવીને આડશ તોડી ભાગ્યા હતા જો કે આગળ જતી ટ્રકની પાછળ ગાડી ઘુસી જતાં બંને પકડાઈ ગયા હતાં. ચિલોડા પોલીસે રૂ. ૧.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી લીધી છે.

પાછળ ગાડી ટકરાઈ જતાં ગાડી અને બે બુટલેગરો બંને પકડાઈ ગયા હતાં. સેન્ટ્રોમાં તપાસ કરતાં અંદરથી ૧૯૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારુ તથા કાર અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૧,૭૮,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ઉદેપુરના કૈલાસ રમણ કલાલ અને ડુંગરપુરના દિપક રૂપશંકર આચાર્ય બંને બુટલેગરોની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે. આ બંને શખ્સો હરિયાણાના એક ઠેકા પરથી દારુ ભરીને અમદાવાદ લઈ જઈ રહ્યા હોવાનું પ્રાથમિક પુછતાછમાં બહાર આવ્યું છે.

ડૉ. રાજેશ શુકલ પર ફાયરીંગ કરનાર આરોપીઓના જામીન ના મંજૂર

કલોલ, તા. ૨૫

કલોલ શહેરના ખ્યાતનામ ડૉ. રાજેશભાઈ કે. શુકલને આરોપીઓએ રૂપિયા એક કરોડની ખંડણી માંગી તેમની કાર ઉપર દેશી તમંચાથી ફાયરીંગ કરી મારી નાખવાની કોશિષ કરનાર આરોપીઓ કાર્તિક મિતેશભાઈ પંડયા તથા સંજય રાજેન્દ્રકુમાર યાદવ અને પવનકુમાર રમેશભાઈ પ્રજાપતિ વિરુધ્ધ કલોલ શહેર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૭/૧ પથી ઈ.પી.કો. કલમ ૩૦૭, ૫૦૭ તથા આર્મસ એકટ કલમ-૨૫ (૧-એ) મુજબ ગુનો નોંધાયેલો ત્યારબાદ આરોપીઓને રીમાન્ડ પુરા થતા જેલમાં મોકલી આપ્યા હતા.

આરોપી કાર્તિક મિતેશભાઈ પંડયા તથા સંજય રાજેન્દ્રકુમાર યાદવે તેમની જામીન અરજી કલોલ એડીશનલ સેશન્સ કોર્ટમાં મુકતા સેસન્સ કોર્ટે બંને આરોપીના જામીન નામંજુર કરેલ છે. સરકાર પક્ષે પ્રિતેશકુમાર ડી. વ્યાસે ધારદાર દલીલ કરી જણાવેલ કે આરોપીઓએ એક નિર્દોષ તબીબને ધમકીઓ આપી એક કરોડ જેવી માતબર રકમની ખંડણીની માંગણી કરેલ છે. અને ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. સમાજમાં આવા ગુના દિન પ્રતિદિન વધતા રહેલ છે. જેથી સરકારી વકીલની દલીલો ધ્યાને લઈ કોર્ટે બંને આરોપીઓની જામીન અરજી નામંજુર કરેલ છે.

ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં રામનવમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

સેકટર-૩૦ શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે તા. ૨૮મી માર્ચના શનિવારે રામ નવમીનો ઉત્સવ શ્રધ્ધાપૂર્વક ઉજવવામાં આવનાર છે. સવારે ૧૧ વાગેથી ભગવાનશ્રી રામના નામની અખંડ ધુન થશે. બપોરે ૧૨ વાગે મહાઆરતી અને પ્રસાદનું વિતરણ થશે.

રામ નવમીના દિવસે જ શ્રીસાંઈબાબાનો રામ જન્મ મહોત્સવ હોવાથી સવારે પુજા પાઠ થશે. સાંજે પાંચ વાગે સાંઈબાબાની પાલખી યાત્રા પ્રસ્થાન થશે. ભકતોના નિવાસે પરિભ્રમણ કરી સાંજના નિજ મંદિરે પરત ફરશે. તેમ શ્રી લાલચંદભાઈ ગોપલાણી, પ્રમુખ સિંધી પંચાયત ગાંધીનગરે જણાવેલ છે.

કલોલમાં વિશ્વ શાંતિ રેલી યોજાઈ

સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવાયેલ નૂતન સંસ્કાર કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા યજ્ઞ અંતર્ગત કલોલ નગરમાં 'વિશ્વશાંતિ' રેલી યોજાઈ હતી. જેમાં વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ કરવવામાં આવી હતી. રેલીમાં અમેરિકા, આફ્રિકા, યુરોપ વિગેરે દેશોમાં હરિભક્તોનો સમુહ પણ જોડાયો હતો. દેશના વિવિધ ભાગના ઉપરાંત કલોલના નાગરિકો તેમજ આજુબાજુના વિસ્તારના ગામોના મળી અંદાજે સવા બે લાખ ઉપરાંતની સંખ્યામાં માનવ મહેરામણ વિશ્વશાંતી રેલીને વધારવા આવ્યો હતો. ૯૩ વર્ષની જૈફ વયે પહોંચેલા વૃદ્ધ કનુભાઈ પટેલે જણાવ્યું હતું કે હું કલોલમાં ૪૦ વર્ષથી રહુ છુ. પરંતુ આવી વિશ્વશાંતિ રેલીમાં આટલી મોટી સંખ્યામાં ઉમટેલ અધધ માનવ મહેરામણ મે મારી જીંદગીમાં પહેલીવાર જોયો છે. વિશ્વશાંતિ રેલીમાં દરેક જ્ઞાતિના માણસો જોડાયા હતા અને સામાજિક એકતાના દર્શન થયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૫૩

તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૨૧ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૨ :
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :
અગ્નિ પરીક્ષા : ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
એન.એચ. : ૨.૩૦, ૮.૦૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૩ :
એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૬.૪૫
હંટર : ૩.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હંટર : ૩.૪૫, ૧૦.૦૦
બ્લેક હોમ : ૭.૦૦

સ્ક્રીન-૫ :
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૦૦
એન.એચ-૧૦ : ૩.૪૫, ૧૦.૦૦
હંટર : ૧૨.૩૦
દમ લગાકે હઈસા : ૬.૪૫

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
હંટર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, ૯.૪૫

સ્ક્રીન-૨ :
હંટર : ૧૧.૩૦, ૨.૩૫, ૫.૦૫, ૧૦.૪૦
બ્લેક હોમ : ૮.૧૫

સ્ક્રીન-૩ :
બે યાર : ૯.૦૦
એન.એચ-૧૦ : ૧૨.૦૦, ૨.૩૫, ૫.૧૦, ૧૦.૫૫
૧૦૦ ડેઝ ઓફ લવ (મલયાલમ) : ૭.૪૫

આપની આજ

મેષ : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

કન્યા : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. સંતોકબેન ખેમચંદભાઈ પટેલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૭૨૧/૧, સેકટર-૧ ૩એ, ગાંધીનગર
- સ્વ. માસંગજી ચતુરજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. ડભોડા, યાદવનગર, તા.જી. ગાંધીનગર
- સ્વ.રાવળ ભરતભાઈ લક્ષ્મણભાઈ (ઉ.વ.૩૩) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર
- ઠાકોર શકરીબેન કુંબાજી (ઉ.વ.૧૦૧) લક્ષ્મણનગર ટેકરા, ઘાટલોડિયા, અમદાવાદ